# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૬૮૭૪-૪ તારીખ : ૧૧ - ૧૦ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,
સમીર શશીકાન્ત દોશી
C/o. શશીકાન્ત પી. દોશી, "ઝરા નિકેતન", બ્લોક નં.ડ, ભૂપેન્દ્ર રોડ,
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ ,
પીન કોડ. : ૩૬૦૦૦૧
મોબાઈલ : ૯૮૨૪૮૪૪૭૭૮

વિષય : વધું આવેલ વીજબીલ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૨૦-૦૯-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૩/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રહલાદ પ્લોટ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ


પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**


**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૩/ક્વા-૨/૨૨-૨૩/૬૯૭૪-૪** **તા.** ૧૧.૧૦.૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૧૩/ક્વા-૨/૨૨-૨૩**

અરજદાર : સમીર શશીકાન્ત દોશી ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદાર શ્રી સમીર શશીકાન્ત દોશી તથા શ્રી ગીતેશ કિશોરચંદ્ર દોશી હાજર રહેલ છે.

**:: વિરુધ્ધ ::**

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. શહેર વિભાગીય કચેરી – ૧ રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી કે. બી. શાહ, કાર્યપાલક ઈજનેર તથા શ્રી કે.સી. પારેખ અધિક્ષક હિસાબનીશ (રેવન્યુ) પી.જી.વી.સી.એલ., શહેર વિભાગીય કચેરી – ૧ રાજકોટ હાજર રહેલ છે.


Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot


**:: કોરમ ::**

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૧૦.૧૦.૨૦૨૨ (સોમવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૦.૧૦.૨૦૨૨ (સોમવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ પ્રહલાદ પ્લોટ પેટાવિભાગીય કચેરી હેઠળ તેઓના પિતાજી સ્વ. શ્રી શશીકાંત પી. દોશીના નામે ૦૩ KW નું રહેણાંક હેતુનું વીજજોડાણ ગ્રાહક નં.૩૧૧૦૫/૦૧૮૯૩/૮ થી ધરાવે છે.

૨.૧ સદર વીજજોડાણમાં હાલ મીટર નં. PT-૫૪૮૬૩૩ થી મીટર લાગેલ છે. આ અગાઉ સદર વીજજોડાણમાં મીટર નં.૩૧૧૦૫૦૬૫ થી મીટર લાગેલ હતુ. અરજદારને તા.૦૧.૦૬.૨૦૨૨ ના રોજ માહે એપ્રિલ-મે ૨૦૨૨ નું વીજબીલ રૂ.૯૧૩૯૬.૮૫ નું આપવામાં આવેલ, આ અગાઉ અરજદારને ક્યારેય પણ રૂ.૮૦૦૦/- થી વધુનું વીજબીલ આવેલ ન હોય અરજદાર દ્વારા સદર વધુ આવેલ બીલ વીજબીલ બાબતે સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે ફરિયાદ કરેલ.

૨.૨ સદર વધુ આવેલ વીજબીલ અને તેની પહેલાના વીજબીલના સમયગાળા દરમિયાન અરજદારનું મીટર નં.૩૧૧૦૫૦૬૫ તા.૧૮.૦૪.૨૦૨૨ ના રોજ બદલી કરવામાં આવેલ અને નવું મીટર નં. PT-૩૪૮૬૩૩

(મીટર તપાસણી અહેવાલ તા.૦૬.૦૬.૨૦૨૨ મુજબ) અરજદાર કે તેના કોઈ અધિકૃત પ્રતિનિધિની ગેરહાજરીમાં બદલી કરવામાં આવેલ તે મુજબ જુના મીટરના છેલ્લા રીડીંગ ૭૪૪૫૩ યુનિટની નોંધ કરી, મીટર પેક કરી પીજીવીસીએલની લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલી આપેલ.

૨.૩ અરજદાર વધુમાં જણાવે છે કે તા.૦૧.૦૬.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ વીજબીલમાં પ્રેઝન્ટ રીડીંગ ૧૨૯૪ તથા તથા પાસ્ટ રીડીંગ ૬૫૨૬૫ દેખાડેલ છે. જયારે મીટર સીલ કર્યું ત્યારે છેલ્લા રીડીંગ ૭૪૪૫૩ હોય એટલે કે ૯૧૮૮ યુનિટ કેવી રીતે વધી શકે? સદર બાબતે અરજદારે સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે ફરિયાદ નોંધાવેલ, જેના જવાબમાં સંલગ્ન કચેરી દ્વારા જુના મીટરનું સ્કેનીંગ કરી હિસ્ટ્રી રીપોર્ટ અરજદારને તા.૦૫.૦૯.૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ.

૨.૪ સદર હિસ્ટ્રી રીપોર્ટ મુજબ તા.૦૧.૦૬.૨૦૨૧ નું મીટર રીડીંગ ૬૯૩૩૬ દર્શાવેલ છે, તે મુજબ તા.૦૧.૦૬.૨૦૨૧ થી તા.૦૬.૦૬.૨૦૨૨ સુધીના સમયગાળા દરમિયાન તા.૦૧.૦૬.૨૦૨૨ ના રોજના બીલમાં દર્શાવેલ પાસ્ટ રીડીંગ ૬૫૨૬૫ ધ્યાને લેતા ૪૦૭૧ યુનીટનું વધુ વીજબીલ છે તેવું રીપોર્ટમાં સાબિત થાય છે જે અશક્ય છે.

૨.૫ ઉપરોકત વિગતોને ધ્યાને લઈ પી.જી.વી.સી.એલ. ના સ્કેન રીપોર્ટ, પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ થયેલ ૨-માસીક બીલ અને અમોએ કરેલ પી.જી.વી.સી.એલ.ને ચુકવણા બધાને ધ્યાને લેતાં નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

- મીટર લેબ રીપોર્ટ પ્રમાણે મીટર સ્લો ચાલેલ નથી અથવા તો મીટર સાથે કોઈપણ છેડછાડ થયેલ નથી.
- મીટરના બીલમાં રીડીંગ ખોટા દર્શાવાયેલ હોવા છતાં અરજદારે કરેલ ચુકવણું કરેલ વપરાશ તથા મીટરના સાચા રીડીંગ પ્રમાણે પણ બરોબર છે.
- નવું મીટર ઈન્સ્ટોલ થયા પછી જુના મીટરનો લેબ રીપોર્ટ તથા સ્કેન રીપોર્ટમાં ૧-વર્ષ સુધીના સ્કેન થઈ શકતા રીડીંગ પ્રમાણે પી.જી.વી.સી.એલ. દ્વારા અમોને કયા કારણોસર રૂા.૯૧,૩૯૬.૮૫ નું બીલ, તા.૦૧.૦૬.૨૦૨૨ ના રોજ ઈસ્યુ થયેલ, તેની સ્પષ્ટ પ્રમાણેની સાબીતી કરેલ નથી અને સદર બીલની રકમનું ચુકવણું ટેકનીકલ સાબીતી વગર દબાણપૂર્વક ચૂકવવા આદેશ કરી શકે નહી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૨.૬ ઉપરોકત મુદ્દા પ્રમાણે હાલમાં પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારને મીટર કનેકશન કાપી રદ કરવા અંગે દબાણ કરવામાં આવે છે, જે અયોગ્ય છે. અને એ જ કારણોસર અરજદારે એક જાગૃત નાગરિક તરીકેના અધિકારોનો ઉપયોગ કરી સદર રૂ.૯૧૪૨૩.૨૨ નું વધુ આવેલ વીજબીલ રદ કરવા તેમજ અરજદારનું વીજજોડાણ ન કાપવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે સમીરભાઈ શશીકાંત દોશી પ્રહલાદ પ્લોટ પેટાવિભાગીય કચેરી હેઠળ તેઓના પિતાજી સ્વ. શશીકાંત પી. દોશીના નામે ૦૩ KW નું રહેણાંક હેતુનું વીજજોડાણ ગ્રાહક નં.૩૧૧૦૫/૦૧૮૯૩/૮ થી ધરાવે છે.

૩.૧ સદર ગ્રાહકના મીટરનો એમ.આર.આઈ. ડેટા રીપોર્ટ તેમજ એલ.ટી. બિલીંગના લેઝર શીટના ડેટાનો અભ્યાસ કરતા માલુમ પડેલ છે કે, જે તે સમયે સ્થળ પરના મીટરમાં નોંધાયેલ રીડીંગ મીટર રીડર દ્વારા સાચા લેવાયેલ ન હતા જેને પરિણામે ખરેખર નોંધાયેલ મિટરમાં યુનિટ અને બીલીગમાં નોંધાયેલ રીડીગના યુનિટમાં ખુબજ મોટો તફાવત આવેલ છે.

3.૨ ફેબ્રુઆરી-૨૦૨૨ સુધી પ્રાઈવેટ બિલીંગ એજન્સી દ્વારા મીટર રીડીંગની કામગીરી કરવમાં આવતી. ત્યારબાદ હાલમાં ઈન-હાઉસ મીટર રીડીંગની કામગીરી કંપનીના કર્મચારીઓ દ્વારા લેવામાં આવે છે. સદર કેસમાં કંપનીના મીટર રીડર દ્વારા મિટરના સ્થળ પર નોંધાયેલ રીડીંગ તેમજ હાલની રીડીંગની સીરીઝ મિસમેચ થતા સદર ગ્રાહકના બીલમાં રીમાર્ક આપવામાં આવેલ. જે સબબ તા.૧૮.૦૪.૨૦૨૨ ના રોજ સ્થળ પર જરૂરી રોજકામ, ચેકિંગ સીટ સાથે પ્રફોર્માં-૧૫ ભરી સદર ગ્રાહકનું મીટર બદલામાં આવેલ તેમજ વધુ ચોકસાઈ હેતુ માટે સદર મિટરને લેબ પરિક્ષણમાં પણ મોકલવામાં આવેલ જેમાં નીચે મુજબની હકીકત માલુમ પડેલ છે.

3.3 ગ્રાહકના વીજમીટરનું લેબ પરિક્ષણ તા:૦૬/૦૬/૨૦૨૨ નાં રોજ અરજદારની હાજરીમાં મીટરનો એક્યુચેક ટેસ્ટ લેતા -૦.૮૧૯% (WPL) માલુમ પડેલ એટલેકે મીટર બરાબર છે તેમજ તેમાં છેલ્લાં રેડીંગ ૭૪૪૫૩ KWH માલુમ પડેલ તથા સદર મીટરનો MRI લેતાં તેમાં પણ છેલ્લા રેડીંગ ૭૪૪૫૩ KWH બતાવેલ છે એટલે કે છેલ્લું રીડીંગ બરાબર છે.

3.૪ સદર ગ્રાહકને માહે એપ્રિલ-મે બીલ્ડ ઇન જુન-૨૦૨૨ નું બીલ જૂનાં મીટર નંબર PGS15721 માં બીલ મુજબ છેલ્લા રીડીંગ ૬૫૨૬૫ KWH થી લેબરીપોર્ટ મુજબ ૭૪૪૫૩ KWH નો તફાવત તેમજ નવાં લગાડેલ વીજ મીટરના નોંધાયેલા રીડીંગ ૧૨૯૪ KWH એટલે કે (૭૪૪૫૩ - ૬૫૨૬૫ = ૯૧૮૮) + (૧૨૯૪ - 3 = ૧૨૯૧) થઈને કુલ ૧૦૪૭૯ KWH યુનિટનું વીજબીલ રૂ.૯૧૩૩૧.૮૫ આપેલ છે.

3.૫ આમ, લેબ પરીક્ષણ અને એમ.આર.આઈ.ના ડેટા બંને બરાબર હોય અને ખરેખર મિટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ યુનિટ ૧૦૪૭૯ નું બીલ જેની રકમ રૂ.૯૧૩૩૧.૮૫ નું વીજબીલ સદર ગાહકને આપવામાં આવેલ છે. જે કંપનીના નિયમ મુજબ બરાબર છે.

## ::હુકમ::

**૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમં દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.**

**૪.૧ અરજદાર પ્રહલાદ પ્લોટ પેટાવિભાગીય કચેરી હેઠળ તેઓના પિતાજી સ્વ. શશીકાંત પી. દોશીના નામે ૦૩ KW નું રહેણાંક હેતુનું વીજજોડાણ ગ્રાહક નં. ૩૧૧૦૫/૦૧૮૯૩/૮ થી ધરાવે છે.**

**૪.૨ અરજદારની ફરિયાદ મુજબ તેઓને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વીજબીલ માહે એપ્રિલ-મે-૨૦૨૨ નું બીલ તા.૦૧.૦૬.૨૦૨૨ ના રોજ મીટર ચેન્જની સ્થિતિમાં નવા મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ ૧૨૯૧ યુનીટ (૧૨૯૪-3) અને જુના મીટરના રીડીંગ મુજબ ૯૧૮૮ યુનીટ (૭૪૪૫૩-૬૫૨૬૫) એમ કુલ ૧૦૪૭૯ વીજ યુનીટનું બીલ રૂ.૯૧૩૩૧.૮૫ નું આપેલ છે, જે અરજદારની રજૂઆત મુજબ વીજવપરાશ અશક્ય હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ નિર્ણય ન આવે ત્યાં સુધી વીજજોડાણ ચાલુ રાખવા અને વીજબીલ બાબતે ન્યાય આપવા રજુઆત કરેલ છે.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**૪.3 ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ વીજબીલ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ સુધી વીજબીલ બનાવવાની કામગીરી પ્રાઈવેટ બિલીંગ એજન્સી પાસે કરાવવામાં આવતી હતી. ત્યારબાદ વીજ કંપની દ્વારા બિલીંગ કામગીરી કંપનીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા અરજદારને માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨ દરમ્યાન મીટર રીડરને ફરિયાદી અરજદારના સ્થળ પર મીટરમાં નોંધાયેલ રીડીંગ તેમજ પાછલા રીડીંગની સીરીઝમાં તફાવત લાગતા ગ્રાહકના બીલમાં સદર બાબતની નોંધ કરવામાં**

આવેલ જે અનુસંધાને તા.૧૮.૦૪.૨૦૨૨ ના રોજ ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં ચેકિંગ શીટ નં **RCC 129578** અને પ્રફોર્માં-૧૫ નં **RCC 113084** થી અરજદારનું વીજ મીટર પેપર પેક કરેલ, જેની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

| Consumer No:- 31105/01893/8 | | |
|---|---|---|
| વિગત | જુનું મીટર | નવું મીટર |
| કંપની | SEMS | L & G |
| સી. નં | PGS15721 | PT-548633 |
| લેબ નં | RZDC-2006-10-232 | RZD-22-01-248 |
| કેપેસીટી | 3Phase, 10-60 A | 3Phase, 10-60 A |
| મીટર વાંચન | 74453 | 6 |
| Performa-15 No. RCC-A 113084 & DATE : 18.04.2022,<br>As per Checking Sheet No.129578 Connected Load is 2050 Watt | | |

સદર જુના મીટરની ચકાસણી મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૬.૦૬.૨૦૨૨ ના રોજ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં ચકાસતા મીટર યોગ્ય છે તેમજ મીટરનો એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે, તે મુજબ મીટરના રીડીંગ ૭૪૪૫૩ નોંધાયેલ છે.

૪.૪ અરજદારના સદર વીજજોડાણમાં નોંધાયેલ વીજવપરાશની વિગત પી.આર.ટી.-૧૪૫ પ્રમાણે નીચે મુજબ છે.

| Particulars | | Year 2018-19 | | | | Year: 2019-20 | | | | Year 2020-21 | | | | Year: 2021-22 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Sr. | Billing Period | Billing Date | Meter Status | Curr. RDG | Diff | Billing Date | Meter Status | Curr. RDG | Diff | Billing Date | Meter Status | Curr. RDG | Diff | Billing Date | Meter Status | Curr. RDG | Diff |
| 1 | Dec,Jan | 02.09.2019 | | 53102 | 480 | 05.02.2020 | | 56000 | 299 | 27.01.2021 | | 60420 | 299 | 09.02.2022 | | 65265 | 565 |
| 2 | Feb,Mar | 08.04.2019 | | 53685 | 583 | 04.04.2020 | N | 56000 | 450 | 04.04.2021 | | 60895 | 475 | 18.04.2022 | | 65265 | 0 |
| 3 | Apr,May | 10.06.2019 | | 53875 | 190 | 16.06.2020 | | 57878 | 1878 | 05.06.2021 | | 61957 | 1062 | 01.06.2022 | C | 74453 | 9188 |
| 4 | Jun,Jul | 06.08.2019 | | 54656 | 781 | 02.08.2020 | | 58701 | 823 | 10.08.2021 | | 62943 | 986 | | | 1294 | 1291 |
| 5 | Aug,Sep | 09.10.2019 | | 55052 | 396 | 05.10.2020 | | 59652 | 951 | 08.10.2021 | | 63900 | 957 | 30.07.2022 | | 2352 | 1058 |
| 6 | Oct,Nov | 05.12.2019 | | 55701 | 649 | 04.12.2020 | | 60121 | 469 | 05.12.2021 | | 64700 | 800 | 05.10.2022 | | 2901 | 549 |
| | | | | | | | | | 4870 | | | | 4579 | | | | |

પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મીટર નં **PGS15721** ના એમ.આર.આઈ. અહેવાલની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે તે મુજબ વીજ વપરાશની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

| Billing Date | C KWh | Cons. | MD (KW) & Date | |
|---|---|---|---|---|
| 01.06.2021 | 69336 | | 5.92 | 07.05.2021 |
| 01.07.2021 | 70077 | 741 | 5.12 | 16.06.2021 |
| 01.08.2021 | 70652 | 575 | 4.88 | 05.07.2021 |
| 01.09.2021 | 71226 | 574 | 3.98 | 26.08.2021 |
| 01.10.2021 | 71741 | 515 | 3.72 | 26.09.2021 |
| 01.11.2021 | 72261 | 520 | 4.64 | 22.10.2021 |
| 01.12.2021 | 72535 | 274 | 2.08 | 24.11.2021 |
| 01.01.2022 | 72711 | 176 | 2.38 | 19.12.2021 |
| 01.02.2022 | 72895 | 184 | 1.7 | 28.01.2022 |
| 01.03.2022 | 73066 | 171 | 1.12 | 12.02.2022 |
| 01.04.2022 | 73786 | 720 | 5.5 | 16.03.2022 |
| 01.06.2022 | 74453 | 667 | 6.14 | 12.04.2022 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબની વિગતે, મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલમાં નોંધાયેલ રીડીંગ અને સવાલવાળા મીટરના એમ.આર.આઈ. અહેવાલ મુજબ વીજ વપરાશની સરખામણી નીચે મુજબ છે.

| As per MRI | | As per PRT-145 | | Difference |
|---|---|---|---|---|
| Date | CUMM kwh | Date | CUMM kwh | |
| 01.06.2021 | 69336 | 05.06.2021 | 61957 | 7379 |
| 01.07.2021 | 70077 | | | |
| 01.08.2021 | 70652 | 10.08.2021 | 62943 | 7709 |
| 01.09.2021 | 71226 | | | |
| 01.10.2021 | 71741 | 08.10.2021 | 63900 | 7841 |
| 01.11.2021 | 72261 | | | |
| 01.12.2021 | 72535 | 05.12.2021 | 64700 | 7835 |
| 01.01.2022 | 72711 | | | |
| 01.02.2022 | 72895 | 09.02.2022 | 65265 | 7630 |
| 01.03.2022 | 73066 | | | |
| 01.04.2022 | 73786 | 18.04.2022 | 65265 | 8521 |

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ અને ૪.૫ નો અભ્યાસ કરતા સ્પષ્ટ ફલિત થાય છે કે એમ.આર.આઈ. અહેવાલના સૌથી જુનો હયાત બિલીંગ રેકર્ડ મુજબ તા.૦૧-૦૬-૨૦૨૧ ના રોજ ૬૯૩૩૬ **KWH** અને પી.આર.ટી.-૧૪૫ મુજબ બિલીંગ તા.૦૫-૦૬-૨૦૨૧ ના રોજ ૬૧૯૫૭ **KWH** નોંધાયેલ છે, તે સ્થિતિએ તફાવતીય ૭૩૭૯ યુનીટ પેન્ડીંગ છે. આમ, સદર પેન્ડીંગ યુનીટ અગાઉ કેટલા સમયથી મીટરરીડર દ્વારા વીજમીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ વીજબીલ અરજદારને અપાયેલ નથી તે સ્પષ્ટપણે નક્કી કરી શકાતુ નથી, જેથી તા.૦૧.૦૬.૨૦૨૧ થી તા.૧૮.૦૪.૨૦૨૨ (મીટર બદલ્યા સુધી) ના કુલ ૩૨૧ દિવસના તફાવતીય ૫૧૧૭ (૭૪૪૫૩-૬૯૩૩૬) યુનીટ જે પ્રતિ દિવસ આશરે ૧૬ યુનીટ રીડીંગ મુજબ દ્વીમાસીક બિલીંગ મુજબ ૯૬૦ યુનીટ થાય છે.

અરજદારનું સવાલવાળું વીજ મીટર તા.૧૮.૦૪.૨૦૨૨ થી બદલાવેલ ત્યારે નવા મીટરના સીરીયલ નં **PT548633** માં શરૂઆતના ૦૬ રીડીંગથી મુકેલ ત્યારબાદ તા.૦૫.૧૦.૨૦૨૨ ના રોજ મીટર રીડર દ્વારા અપાયેલ રીડીંગ મુજબ હાલના રીડીંગ ૨૯૦૧ નોંધાયેલ છે તે મુજબ કુલ ૧૭૦ દિવસમાં કુલ વીજ વપરાશ ૨૮૯૫ યુનીટ થયેલ છે, એટલેકે પ્રતિ દિવસ સરેરાશ વીજ વપરાશ ૧૭.૦૨ યુનીટ થાય છે.

ઉપરોક્ત જુના મીટરના એમ.આર.આઈ. અહેવાલ અને નવા મીટરમાં નોંધાયેલ વીજવપરાશને ધ્યાને લેતા પ્રતિ દિવસ વીજ વપરાશ લગભગ સમાન જણાય છે. જેથી અરજદારના જુના મીટરના એમ.આર.આઈ. અહેવાલમાં છેલ્લા ૧૨ માસમાં નોંધાયેલ સરેરાશ વીજ વપરાશને ધ્યાને લઈને (૧) તા.૦૫.૦૬.૨૦૨૧ પહેલા અપાયેલા બીલો કે જે ૯૬૦ યુનીટથી ઓછા યુનીટના વિજબીલો રીડીંગ મુજબ આવેલા હોય તેવા તમામ બીલોને રદ કરી અને ૯૬૦ યુનીટના બીલ જ્યાં સુધી પડતર રહેલ ૭૩૭૯ યુનીટ સરભર ન થાય ત્યાં સુધીના પાછલા બીલો રીવાઈઝ કરવા અને (૨) તા.૦૫.૦૬.૨૦૨૧ થી તા.૦૧.૦૬.૨૦૨૨ સુધીના બીલો એમ.આર.આઈ. અહેવાલમાં નોંધાયેલ છે તે મુજબના તેમજ નવા મીટરમાં નોંધાયેલ રીડીંગ ધ્યાને લઇ ને, જે તે સમયના ટેરીફ, ફયુલચાર્જ વગેરે લાગુ પડતા ચાર્જને ગણતરીમાં ધ્યાને લઈ રીવાઈઝ કરવા, તેમજ રીવાઈઝ કરેલ તમામ બીલોમાં ગ્રાહકશ્રી દ્વારા જે તે સમયે ભરપાઈ કરેલ રકમ ધ્યાને લઇને દિવસ-૧૫ માં રીવાઈઝ કરવા, પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ વધુમાં અરજદારની મૌખિક રજૂઆત મુજબ પેન્ડીંગ યુનીટના વીજબીલની કુલ રકમ ના ૦૨ (બે) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા કરી આપવા ફોરમ દ્વારા નિર્ણય કરેલ છે, જે અન્વયે અરજદારે પ્રથમ અને બીજા હપ્તાની રકમ અનુક્રમે તા.૦૧-૧૧-૨૦૨૨, તા.૦૧-૧૨-૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરવાની રહેશે, જો સદર રકમ ભરપાઈ કરવામાં અરજદાર નિષ્ફળ રહેશે તો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી.

૪.૮ ઉપરોક્ત બાબતો અને અરજદારના વીજવપરાશની જગ્યા તેમજ સદર વીજજોડાણની ચેકિંગશીટ તા.૧૮-૦૪-૨૦૨૦ મુજબ જોડેલ કુલ વીજભાર ૨૦૫૦ વોટ બતાવેલ છે જ્યારે એમ.આર.આઈ. અહેવાલ મુજબ અરજદારનો મહતમ વીજભાર ૬.૧૪ KW નોંધાયેલ છે, જ્યારે અરજદારનો કરારીત વીજભાર ફક્ત ૦૩ KW છે. સદર બાબતોને ધ્યાનમાં રાખતા વીજમીટરમાં નોંધાયેલ મહતમ વીજભાર મુજબ કરારિત વીજભાર નિયમિત કરવાની કાર્યવાહી કરવા અરજદારને સુચના આપવામાં આવે છે, અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન જરૂરી કાર્યવાહી કરવી. વધુમાં મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલ અને એમ.આર.આઈ. અહેવાલ મુજબ નોંધાયેલ વીજયુનિટમાં ખુબજ મોટો તફાવત જોવા મળે છે, જે મીટર રીડરની બેદરકારી દર્શાવે છે. સદર બાબત ખુબજ ગંભીર હોવાથી મીટર રીડર / એજન્સી સામે નિયમાધિન કડક કાર્યવાહી કરવા પીજીવીસીએલને ભારપૂર્વક સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં ૪.૭ અને ૪.૮ મુજબની વિગતેની કાર્યવાહી કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.